# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, ભુજ

**DATE : 21-02-2025 DAY:FRIDAY EVENING : 6.25 TO 6.30 PM**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## મુન્દ્રા રોડ - અકસ્માત

ભુજ -મુન્દ્રા રોડ વચ્ચે કેરા ગામ પાસે ખાનગી મીની બસ અને બે ટ્રેઇલર વચ્ચે આજે બપોરે દોઢ વાગ્યાના અરસામાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા છે જ્યારે 15થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે જેમાંથી ત્રણ વ્યક્તિઓની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. તમામ ઇજાગ્રસ્તોને ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં તાત્કાલિક ખસેડવામાં આવ્યા હતા. સાંસદ વિનોદ ચાવડા હોસ્પિટલ ખાતે સારવાર લઇ રહેલા દર્દીઓ અને તેમના પરિવારજનોની મુલાકાત કરી અને તેમના સ્વાસ્થ્ય અંગે માહિતી મેળવી હતી.અકસ્માતના પગલે અકસ્માત સ્થળે જિલ્લા પોલીસ વડા વિકાસ સુંડા પહોંચી અને ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું હતું. અકસ્માતના કારણો જાણવા માટે ફોરેન્સિક ટીમ દ્વારા તપાસ કરવામાં આવશે તેવું જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે ખાનગી બસનો આગળનો ભાગ આખો તૂટી ગયો હતો. જિલ્લા કલેકટર અમિત અરોરાએ જી.કે. જનરલ હોસ્પિટલમાં પહોંચી અને ઇજાગ્રસ્તોને યોગ્ય સારવાર મળી રહે તે માટે સૂચના આપી હતી.

(બાઇટ : કચ્છ કલેકટર અમિત અરોરા)

---

## મુખ્યમંત્રી –અકસ્માત અંગે શોક

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેરા-મુન્દ્રા રોડ પર થયેલા અકસ્માતની ઘટના અંગે શોક વ્યક્ત કરતા જણાવ્યું કે અકસ્માતની કરુણ ઘટનાથી વ્યથિત છું. સોશ્યલ મીડિયાની પોસ્ટમાં તેમણે કહ્યું કે અકસ્માતમાં જીવ ગુમાવનાર મૃતકોના આત્માને પરમાત્મા શાંતિ અર્પે. મૃતકોના પરિવારજનો પ્રત્યે મુખ્યમંત્રીએ સંવેદના વ્યક્ત કરી હતી. ઇજાગ્રસ્તોને સમયસર સારવાર મળે અને ઝડપથી સાજા થવાની તેમણે પ્રાર્થના કરી હતી.

-----------------------------------------------------------------------------

## એસ ટી વિભાગ – બોર્ડ પરીક્ષા માટે વધારાની બસ વ્યવસ્થા

રાજ્યમાં અગામી 27 ફેબ્રુઆરીથી 10 માર્ચ દરમિયાન શરૂ થનારી ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાને લઇને એસ.ટી. નીગમ દ્વારા વધારાની બસ સુવિધાનું આયોજન કરાયું છે. વિદ્યાર્થીઓની જરૂરિયાત પ્રમાણે વધુ ૨૫૦ જેટલી ટ્રીપો ચલાવવાનું નક્કી કરાયું છે. વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે એસ.ટી.નિગમ દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષા દરમિયાન કોઈ તકલીફ ન પડે તે માટે તમામ જિલ્લા લેવલના વિભાગોને પરીક્ષાર્થીઓને અગ્રીમતા આપી વધારાની બસો ચલાવવામાં આવશે. હજુ પણ વિદ્યાર્થીઓની માંગણી જ્યાં જરૂરિયાત હશે ત્યાં વધારાની બસો દોડાવવામાં આવશે તથા એસ.ટી.નિગમના દરેક વિભાગો ખાતે કંટ્રોલ રૂમ પણ શરૂ કરવામાં આવશે.

-----------------------------------------------------------------------------

# કચ્છ વિશ્વ માતૃભાષા દિવસ ઉજવણી

વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે આજે કચ્છમાં ઠેર ઠેર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.ભુજ ખાતે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને કચ્છ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે માતૃભાષા સપ્તાહ અંતર્ગત 'માતૃભાષા મહોત્સવ' યોજાયો હતો.

આ પ્રસંગે ડો. કાશ્મીરાબેન મહેતા દ્વારા લિખિત પુસ્તક કચ્છી વાર્તા વૈભવનું વિમોચન કરાયું હતું. મહારાઓ વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય ખાતે પણ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.ઉપરાંત સંસ્કૃત ભારતી કચ્છ દ્વારા ભુજમાં સંસ્કૃત અધ્યયન કેન્દ્ર નું ભુમીપુજન કરવામાં આવ્યુ હતુ.

---

# જિલ્લા તિજોરી કચેરી - પેન્શનર તબીબી ભથ્થું

જિલ્લા તિજોરી કચેરી, ભુજ ખાતેથી પેન્શન મેળવતા તમામ પેન્શનરઓને જણાવવાનું કે, આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે જે પેન્શનર પોતાનો તબીબી ભથ્થાનો વિકલ્પ બદલવા માંગતા હોય તેઓએ જિલ્લા/પેટા તિજોરી કચેરી ખાતેથી નિયત નમૂના ફોર્મ મેળવીને આગામી તા.૧૦ માર્ચ સુધીમાં પુરતી વિગતો આધાર ભરીને રજૂ કરવાના રહેશે. તેમ જિલ્લા તિજોરી અધિકારી ભુજ કચ્છ દ્વારા જણાવાયું છે.

---